# આતંકવાદ અને કોમી તંગદિલીના દિવસોમાં કોણ જાણે ક્યારે શું થઈ જાય....

**આપણા દેશમાં જેને માટે સૌથી વધુ લોકચાહના છે એવી રમત છે ક્રિકેટ. અલબત્ત, અમદાવાદને હજુ હમણાં સુધી ક્રિકેટ માટે બહુ ચાહના નહોતી પરંતુ કેટલાક સમયથી આજ શહેરમાં ક્રિકેટ માટે લાખો લોકો ઉમટે છે, લાખો ટીવી. નિહાળે છે અને કરોડો રુપિયાનો કાનૂની- ગેરકાનૂની વેપાર થાય છે. આવામાં વળી અભૂતપૂર્વ ક્રિકેટકૌશલ્ય ધરાવતાં રણજીત અહીં ઝળક્યા...**




## રણજીત એટલે જીત – 1

**અગિયાર અગિયાર વિશાળકાય ગોરા રાક્ષસો સામે એકલો એક રાજકુમાર લડે એવો પરીકથા સમો આ પ્રસંગ હતો અને એટલે જ રમતનું પરિણામ જાણવા જ નહીં, રમતનો પ્રવાહ જોવા પણ સૌ આતુર હતા**

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

એ પછી દરેક તબક્કે એણે ભારતનું પલ્લું ઊંચું રાખ્યું હતું. આખો દેશ, બધાં છાપાં અને સૌ રમત-ગમત વિવેચકો એકી અવાજે રણજીતના ગુણ ગાતા હતા. આવા એક રમત વિવેચકે અનુરોધ કરીને આ ફાઈનલ મેચ રણજીતના વતનના નગર અમદાવાદમાં યોજાવી હતી. અમદાવાદના અગ્રણી નાગરિકોએ આ સૂચનના ટેકામાં ક્રિકેટ બોર્ડને ગેરેન્ટી રૂપે 15 કરોડનું વચન આપ્યું હતું એટલે બોર્ડે આખરી મેચ અમદાવાદમાં યોજવાની મંજૂરી આપી હતી. હવે સંખ્યાબંધ ક્રિકેટરસિયાઓ અમદાવાદ પર નજર નોંધીને બેઠા હતા.

બધાને એક વાતની ખબર હતી કે જબરદસ્ત ઓસ્ટ્રેલિયન ટીમ સામે ભારતની રમતનો મુખ્ય આધાર એકલો રણજીત હતો. અગિયાર અગિયાર વિશાળકાય ગોરા રાક્ષસો સામે એકલો એક રાજકુમાર લડે એવો પરીકથા સમો આ પ્રસંગ હતો અને એટલે જ રમતનું પરિણામ જાણવા જ નહીં, રમતનો પ્રવાહ જોવા પણ સૌ આતુર હતા.

અહીં મંગળમૂર્તિને સાતમે માળે ડિટેક્ટીવો અજય વર્મા અને રાધિકા ચેટરજીની ઓફિસમાં પણ કાંઈ કમ આતુરતા નહોતી. બંને ડિટેક્ટિવોને છેક બાળપણથી ક્રિકેટમાં રસ છે. અલબત્ત રાધિકાને ક્રિકેટ રમવાનો બહુ અવસર મળ્યો નહોતો પરંતુ તક મળ્યે મેચ જોવા માટે તો એ પોંહચી જ જતી અને રણજીત એની જ કોલેજનો, એનાથી બે વર્ષ જુનિયર વિદ્યાર્થી હતો એટલે એની રમત તો એને ગમતી જ હોય.

આખરે રમત શરૂ થવાનો દિવસ આવી પહોંચ્યો. અમદાવાદનું વિશાળ ક્રિકેટ સ્ટેડિયમ અઠવાડિયાથી રીઝર્વેશન ફૂલનાં પાટિયાં ઝૂલાવવા લાગ્યું હતું. આજુબાજુના જ નહીં મુંબઈ જેટલે દૂર ગામેથી પણ એટલા બધા ક્રિકેટરસિકો રમત જોવા આવ્યા હતા કે શહેરની બધી હોટેલો પણ ઊભરાય હતી.

જો કે અજય અને રાધિકાને માટે ટિકિટ ખરીદવાનો પ્રશ્ન જ નહોતો. અમદાવાદ ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ શેઠ લલિતચંદ્રે સામે ચાલીને એમને નિમંત્રણ આપ્યું હતું અને એમને પેવેલિયનમાં બેસવાનો આગ્રહ રાખ્યો હતો. શેઠને ડર હતો કે આતંકવાદ અને કોમી તંગદિલીઓના આ દિવસોમાં કોણ જાણે ક્યારે કાંઈ અજુગતું બની જાય. એ વેળા આવા બાહોશ ડિટેક્ટિવો હાજર હોય તો ધરપત રહે. આથી અજય અને રાધિકા વહેલા આવીને પેવેલિયનમાં ફરવા લાગ્યાં હતાં.

સવારનાં 9 વાગ્યા હતા. રમત શરૂ થવાને હજુ દોઢ કલાકની વાર હતી. અજયરાધિકા હરતાંફરતાં બધી વ્યવસ્થા પણ તપાસતાં હતાં. સ્ટેડિયમ એમના દોસ્ત અને નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈના વિસ્તારમાં જ છે એથી બધાય પોલીસવાળા આ જુગલ જોડીને ઓળખે છે. બધા એમને સલામો કરતા હતા.

રમતરસિયાઓનાં ટોળાં પણ હવે આવવા લાગ્યાં હતાં અને જેતે ટેન્ટમાં અનુકૂળ બેઠકે જામવા લાગ્યા હતા. એટલામાં અચાનક જ એક પોલીસવાળો આપણા ડિટેક્ટિવો સામે આવીને ઊભો રહી ગયો. એણે સલામ કરીને કહેવા માંડ્યું, ‘‘અજયબાબુ, રાધિકાબેન શેઠ લલિતચંદ્રને તમારું અરજન્ટ કામ છે. પેવેલિયનની પાછળ ડ્રેસિંગ રૂમમાં તમને બોલાવે છે.’’

ઝટ જઈને અજય-રાધિકાએ ડ્રેસિંગ રૂમનું બારણું ખખડાવ્યું ત્યારે સ્વયમ્ શેઠ લલિતચંદ્રે જ આગળ આવીને એ ખોલ્યું. એમના ચહેરા પર ચિંતાની ઘેરી રેખાઓ ખેંચાઈ ગઈ હતી. ‘‘આવો આવો અજય-રાધિકા આવો, અંદર આવતાં રહો.’’

એ બંનેના પ્રવેશ પછી શેઠે ફરી પાછું બારણું બંધ કરી દીધું. અજય-રાધિકાને યોગ્ય ખુરશીઓમાં બેસાડીને એ મેજની સામેની મોટી ખુરશીમાં બેઠા. અજય અને રાધિકાએ જોયું કે અહીં એમની અગાઉ જ શહેરના આઠેક અગ્રણી નાગરિકો આવી ગયા હતા. બેઠા હતા. ક્રિકેટ એસોસિયેશનના મંત્રી અને ભારતીય ટીમના કેપ્ટન ગુલામ અલી પણ હતા. બધા ગુમસુમ હતા. ગુલામ અલીના ગાલ પર આંસુના સુકાયેલા રેલા જેવાં નિશાનં હતાં. હજુ એની સુરત રડતી જ હતી. અરે બાકીના બધાની આંખોની પાછળ પણ આંસુઓ ટપકી પડવા આતુર હોય એમ ડોકિયાં કરતાં હતાં.

‘‘શી વાત છે?’’ અજયે પૂછ્યુ.

‘‘રણજીત’’ શેઠ લલિત રોતલ સૂરે બોલ્યા, ‘‘એ ગુમ થઈ ગયો છે’’ અને જાણે હૃદય પરનો ભાર જલ્દી ખાલી કરવા માંગતો હોય તેમ ગુલામ અલી કહેવા લાગ્યો,‘‘કોઈ એનું અપહરણ કરી ગયું છે. સવારે 8 વાગ્યે તો અમે શેઠ લલિતચંદ્રને બંગલે ચા પીધી પછી અમારી ઉતારા વાળી હોટેલ પર આરામથી બેસવા માટે હું એને ત્યાં લઈ ગયો હતો. એને પોતાના રૂમમાં મૂકીને હું નીચે ઊતર્યો. નીચે પત્રકારો સાથે હું વાતચીત કરતો હતો અને .....’’

‘‘અને ચાર બુરખાધારી માણસો બંદૂકની અણીએ રણજીતને ઉઠાવી ગયા.’’ શેઠ લલિતચંદ્રે વાત પૂરી કરી. ‘‘એ પછી થોડી મિનિટોમાં જ એમનો.... ઉઠાવગીરોનો ફોન મારા પર આવ્યો ત્યારથી જ ટેલિફોન પર હું માથાકૂટ કરી રહ્યો છું. એ લોકો કહે છે કે રોકડા 10 કરોડ આપો તો જ રણજીતને છોડીશું.’’

‘‘અને રૂપિયા ન ચૂકવીએ તો એ લોકો રણજીતને છોડશે નહીં.’’ ક્રિકેટ એસોસીએશનના મંત્રીએ ઠૂઠવો મૂક્યો. ‘‘નક્કી કોઈ મુંબઈગરા બદમાશો લાગે છે.’’

શહેરના અગ્રણી નાગરિકો પણ થોડું થોડું બોલ્યા. બધાની વાતોનો સાર એ હતો કે રણજીત વિનાની આપણી ટીમ પાંગળી બની જાય એમ છે. વળી રણજીતને નહીં જુએ તો પ્રેશકો પણ તોફાને ચડશે. કદાચ આખી રમત જ ભાંગી પડે. બધા લોકો રણજીતની રમત જોવા જ આવ્યા છે એ તમે જાણો છો. વળી, આવું બનશે તો ભવિષ્યમાં અમદાવાદ ક્રિકેટના નકશા પરથી ભૂંસાઈ જશે.

અજયે એ બધાને શાંતિ રાખવા સૂચવતો હાથ ઊંચો કરીને કહ્યું,‘‘હું સમજું છું સાહેબો, તમારી લાગણીમાં મારીયે સહાનુભૂતિ છે પણ આપણી પાસે સમય ફક્ત દોઢ કલાકનો છે બીજીત્રીજી તપાસ કરવાનો વખત નથી એટલે તમે તાત્કાલિક શું કરવા ધારો છો એ મને કહો.’’

મંત્રીએ તરત કહ્યું, ‘‘અમે અપહરણકારોને પૈસા આપી દેવા તૈયાર છીએ.’’

શેઠ લલિતચંદ્રે ટેબલ પર પડેલાં ફૂલેલાં અને ભરચક એવા પ્લાસ્ટિકના મોટા થેલા ભણી આંગળી ચિંધતા કહ્યું,‘‘અમે બધાએ મળીને રોકડા રૂપિયા ભેગા કર્યા છે અને અજયબાબુ અમારા વતી એ પૈસા તમારે એ લોકોને પહોંચાડવાના છે. તમે આ કામ માથે લેશો ખરા?’’

‘‘ભલે શેઠ’’ અજય તૈયાર થયો.‘‘કદાચ એ લોકો વિશે મને કશીક કડી પણ મળી જશે અને હું રણજીતને છોડાવવા-’’

‘‘ના!ના!ના! અજયબાબુ’’ ગુલામ અલી બોલી ઊઠ્યો.‘‘એવું કરવા જતાં કદાચ આપણે રણજીતને વખતસર પાછો નહીં મેળવી શકીએ. તમે નાણાં આપીને રણજીતને પાછો મેળવી આપો એટલું જ અમારે જોઈએ છે.’’

શેઠ લલિતચંદ્રે પણ જરા કડવે અવાજે કહ્યું,‘‘વાત એમ છે કે તમને કશી કડી મળવાની પણ નથી. એ બદમાશોએ એક મધ્યસ્થીની નિમણૂક કરી છે. આપણે એ નાણાં આ મધ્યસ્થીને આપવાનાં છે આપણે એ માણસની મધ્યસ્થી સ્વીકારી પણ છે.’’

‘‘એ કોણ છે?’’

‘‘તમે ગજાનન શીરકેને ઓળખો છો?’’

‘‘નામથી ઓળખું છું. એમને કદી મળ્યો નથી. રમતગમતના સારા રિપોર્ટર અને વિવેચક છે છાપામાં. રમતગમતની એમની કોલમ હું દર અઠવાડિયે રસથી વાચું છું. કદાચ એમની સાથે વાત કરતા બદમાશોનું પગેરું મળી-’’

‘‘ના અજયબાબુ’’ મંત્રી પોકારી ઊઠ્યો ‘‘હાલ પૂરતાં એક કડીઓ ને પગેરાં ને એવી બધી વાતો ભૂલી જાવ’’

**(વાચકમિત્રો, સમકાલીન રસની આ રહસ્યકથા આવતા અઠવાડિયે પૂરી કરીશું. દરમિયાનમાં જોઈએ ગત રહસ્યકથાનો ઉકેલ)**

**રહસ્યકથા ‘એક પછી એક’નો ઉકેલ:**

***‘‘પણ અજય!’’ દિનકર આશ્ચર્યના સાગરમાં ડૂબકા ખાતો હોય એમ બોલ્યો.‘‘કયા આધારે તું રણધીરને હાથકડી પહેરાવવાનું કહે છે?’’***

***‘‘સાંભળો! જીવરાજભાઈનાં પત્ની કહે છે કે બપોરે જ્યારે રૂપાબેટી અહીં આવ્યાં ત્યારે બાલુને એમણે સાંકળે બાંધ્યો હતો. જો આ રણધીર સવારના 7 વાગ્યા પછી રૂપાબેનને એકેય વાર મળ્યો ન હોય તો આ સાંકળ એના ગજવામાં ક્યાંથી આવી? બસ આ વિચારો એટલે આખો ઘટનાક્રમ સમજાશે અને આ બેવડો ખૂની ઓળખાશે.’’***